સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ
માટે નવું મકાન ભાડેથી રાખવા બાબત.

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંકઃSJED/EAA/e-file/17/2023/2568/A-1**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૨૮/૧૧/૨૦૨૩

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૯/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૮/૬૨૨૦૧૪/ન.બા-૪/અ.૧

(૨) આ વિભાગનો તા.૦૪/૧૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૨૦/૧૦૪૫/અ.૧

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૮/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક:વિજાક/સછા/મ.ભા./૨૦૨૩-૨૪/૩૮૩

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૭/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:વિજાક/સછા/મ.ભા./૨૦૨૩-૨૪/૬૬૮

(૫) નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૦૯/૦૯/૨૦૧૯ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉચ્ચ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ૦૩ કુમાર છાત્રાલયો- નવસારી, મહીસાગર-લુણાવાડા, **બોટાદ** તથા ૦૨ કન્યા છાત્રાલયો- પાટણ અને દેવભૂમિ-દ્વારકામાં શરૂ કરવાની બાબતને વહીવટી મંજૂરી મળેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) તા.૦૪/૧૨/૨૦૨૦ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, બોટાદ માટે માસિક રૂ.30,000/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)ના ભાડા મુજબ હંસાબેન કાન્તીલાલ લાડોલા, ઠે.૧૯, જનતા સોસાયટી નં.૨, પાળીયાદ રોડ, બોટાદનું મકાન ભાડે રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. હાલ મકાન માલિકશ્રીએ મકાન ભાડે આપવા અસંમતિ દર્શાવેલ હોઇ, નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના તા.૦૮/૦૮/૨૦૨૩ના અને વંચાણે લીધેલ ક્રમાંક-(૪) પરના તા.૦૭/૧૧/૨૦૨૩ના અલગ-અલગ પત્રોથી સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 28-Nov-2023 (05:55 PM)

ફલેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે ભાડેથી રાખવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

## <u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે, સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જિ.બોટાદ માટે શ્રી હમીદ મનસુરઅલ્લી પ્યારઅલીની માલિકીનું પ્લોટ નં.૫૩, આનંદધામ રેસીડેન્સી, નવકાર ફલેટની પાસે, પાળીયાદ રોડ, બોટાદ ખાતે આવેલ મકાન માસિક રૂા.૩૮૩૮૩/- (અંકે રૂપિયા આડત્રીસ હજાર ત્રણ સો ત્યાશી પૂરા) પ્રમાણે **<u>એક વર્ષ એટલે કે તા.૩૦/૧૧/૨૦૨૪ સુધી</u>** ભાડેથી રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

## <u>શરતો:-</u>

1. આ મકાનનું ભાડું મંજૂર થયા બાદ, જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
2. આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે અને તેની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.
3. આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારા-વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
4. મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટેશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.
5. મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખા, સી.સી.ટી.વી. કેમેરાની પુરતી સગવડ પોતાના ખર્ચે પુરી પાડવાની રહેશે.
6. ફાયર સેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.
7. મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
8. આ અંગેનો ખર્ચ જે-તે વર્ષના બજેટમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
9. એક વર્ષ બાદ મકાન ભાડે રાખવાની જરૂરિયાત જણાય તો, કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર નવેસરથી મેળવીને વિભાગને મંજૂરી અર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
10. મકાન ભાડે રાખવાની મંજૂરી મળ્યાબાદ ભાડા મકાનમાં માન્ય સંખ્યા સામે છાત્રાલયમાં મળેલ છાત્રોની વિગતો આધાર-પુરાવા સહ વિભાગને રજૂ કરવાની રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 28-Nov-2023 (05:55 PM)

11. સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.), બોટાદના સરકારી મકાનના બાંધકામ માટે આગામી વર્ષના બજેટમાં જરૂરી અંદાજપત્રીય જોગવાઈ કરવા માટે નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરીએ તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા)ની તા.૨૪/૧૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 28-Nov-2023 (05:55 PM)

**(કલ્પના રાણા)**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**પ્રતિ,**

નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.), બોટાદ (નિયામકશ્રી, વિ.જા.ક.ની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.